# 2. આંગળી ઝાલીને એને દોરજે !

**અનુવાદક : કુન્દનિકા નરોત્તમદાસ કાપડિયા ઉપનામ : સ્નેહદાન**

**જન્મ તા : ૧૯-૧-૧૯૨૭**

કુન્દનિકા કાપડિયાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ નરોત્તમદાસ અને માતાનું નામ રંભાબહેન હતું. તેમણે બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે 'યાત્રિક' અને 'નવનીત' સામયિકના સંપાદક તરીકે પણ કામગીરી કરી હતી.

'સાત પગલાં આકાશમાં', 'અગનપિપાસા', 'પ્રેમનાં આંસુ' તેમના જાણીતા ગ્રંથો છે. તેમને સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.

પરિવાર કે સમાજના સભ્ય તરીકે તમારે અન્ય સભ્યો સાથે સંબંધો બાંધવા, ટકાવવા, વિકસાવવા પત્ર લખવાનો આવે. તમારા દિલની વાત અસરકારક રીતે ચોટદાર રીતે પહોંચે તો એ સંબંધો વધુ મજબૂત, ગાઢ, લાગણીપૂર્વકના, ઉષ્માવાળા બને અને લાંબો સમય ટકે. એના ઉત્તમ નમૂના તમને ગાંધીજીના, કાકા કાલેલકરના, જવાહરલાલજીના પત્રો રૂપે મળે જ છે. તમારે તે વારંવાર વાંચવા જોઈએ.

પત્રમાં સામાન્ય રીતે પહેલા પરિચ્છેદમાં ખબર-અંતર પૂછવાની પરંપરા છે. બીજા પરિચ્છેદમાં પત્ર લખવા માટેનું પ્રયોજન સારી રીતે સ્પષ્ટ કરવામાં આવે છે. ત્રીજા પેરેગ્રાફમાં સમાપન હોય. પત્રને મથાળે જમણી બાજુના ખૂણામાં તમારું સરનામું અને અંતે ડાબી બાજુના ખૂણામાં જેને પત્ર મોકલ્યો હોય તેનું સરનામું હોય. જેને પત્ર લખો તેને યોગ્ય સંબોધન કરવું જરૂરી છે અને અંતે તમારી સહી અથવા અબકના જયભારત કે વંદન કે શુભેચ્છા હોય. ટૂંકાં વાક્યો, સરળ ભાષા છતાં તમારે જે કહેવું છે અથવા પહોંચાડવું છે તે બહુ સ્પષ્ટ રીતે પહોંચાડવાની આવડત સૌથી મહત્ત્વની બાબત છે. એ માટે અનેક પત્રો વાંચી, તમારે જાતે મહાવરો કરવો પડે. પત્ર-સાહિત્ય એ અગત્યનો સાહિત્યપ્રકાર છે.

પ્રસ્તુત પત્ર યુ.એસ.ના સોળમા પ્રમુખ એબ્રાહમ લિંકને લખ્યો હોવાની પ્રચલિત માન્યતા છે. મૂળ અંગ્રેજીમાં લખાયેલા આ પત્રનો અનુવાદ કુન્દનિકા કાપડિયાએ કર્યો છે. આ પત્ર તેમના 'ઝરૂખે દીવા' નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.

પત્રમાં ઘરના સુરક્ષિત વિશ્વમાંથી બહારની દુનિયામાં પુત્રને જવાનું થશે ત્યારે કેવી કેવી પ્રતિકૂળતાઓ આવશે તેની વાત પિતા કહે છે. બહારના વિશ્વમાં ટકી રહેવા માટે જરૂરી શ્રદ્ધા, પ્રેમ, હિંમત પુત્રને આપવાનું પિતા જગતને કહે છે. જે જગતના અનુભવોમાંથી પરોક્ષ રીતે પ્રાપ્ત થતાં જીવનમૂલ્યોના શિક્ષણની વાત બની રહે છે. એ રીતે આ અનોખો પત્ર છે. પિતાનું લાગણીસભર, પુત્રવત્સલ ચરિત્ર સ્પર્શી જાય એ રીતે આ પત્રમાં વ્યક્ત થયું છે.

---

હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે; આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે.

અત્યાર સુધી એ પોતાનો રાજા હતો. આજુબાજુનાં આંગણાંનો સરદાર હતો; વળી એની ઈચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો.

પણ... હવે બધું બદલાઈ જશે. આજે સવારે એ ઘરનાં પગથિયાં ઊતરશે, હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે. એ સાહસમાં કદાચ યુદ્ધો, કરુણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ હશે.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી પકડીને દરરોજ એને જાણવા જેવું બધું જ શીખવજે. બની શકે તો આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.

એણે બધું શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે, તો બીજી બાજુ સંત લોકો પણ છે. પ્રપંચી રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે; અને દુશ્મનો પણ મિત્રો બને છે ખરા, ભલે તેમાં વાર લાગે.

એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફત મળેલા પાંચ ડૉલર કરતાં વધારે મૂલ્યવાન છે. હાર જીરવવાનું એને શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. અદેખાઈથી એને અળગો રાખજે, સ્મિતનું મૂલ્ય એને સમજાવજે.

પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં એને દર્શન કરાવજે.

આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગુંજારવ કરતી મધમાખીઓ, લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પોનું સનાનત રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

ભલે બીજા બધા એને ખોટો કહે તોપણ એને પોતાના વિચારો પર વિશ્વાસ રાખવાનું શીખવજે. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સામે અણનમ રહેતાં શીખવજે. સૌનું ભલે એ સાંભળે, પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતાં એને આવડવું જોઈએ.

બીજાઓ જ્યારે પવન પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે.

દુઃખ હોય ત્યારે એને હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે. મીઠાશથી સાંભળવાનું કે કડવાશથી ન અકળાવાનું એને શીખવજે. આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે તે જોજે. ટોળાંની બૂમોથી એ નમી ન પડે અને જે સાચું છે તેને માટે જીવસટોસટની લડાઈ આપતાં એ અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત, આ બધું એને મૃદુતાથી શીખવજે, પણ એને ખોટાં લાડ લડાવીશ નહીં. સુવર્ણ તો અગ્નિમાં તપીને જ શુદ્ધ બને છે.

મારી લાગણી કદાચ તને વધુ પડતી લાગે, મારી માગણી મોટી લાગે તોપણ હે જગત, તારાથી જે કાંઈ બની શકે એ બધું કરજે, કારણ કે એ મારો નાનકડો બહુ મજાનો દીકરો છે.

('ઝરૂખે દીવા'માંથી)

•

## ટિપ્પણ

**હાથવગું હોવું** - પાસે હોવું **પ્રપંચી** - કપટી **અદેખાઈ** - ઈર્ષા **અળગું રાખવું** - દૂર રાખવું **પવન પ્રમાણે પીઠ બદલવી** - અનુકૂળતા પ્રમાણે દિશા બદલવી **અનુસરવું** - પાછળ પાછળ જવું **અકળાવું** - મૂંઝાવું **અચકવું** - ખમચાવું **જીવસટોસટની લડાઈ** - (અહીં) છેલ્લા શ્વાસ સુધીની લડાઈ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. આ પત્ર કયા પ્રસંગ નિમિત્તે લખ્યો છે ?
2. પત્ર લેખકના બાળકનું શાળામાં દાખલ થતાં પહેલાંનું વિશ્વ કેવું હતું ?
3. ઘરનાં પગથિયાં ઊતરતાં જ બાળક કેવા કેવા અનુભવો કરશે ?
4. પત્ર લેખકના મતે આ જગતના લોકો કેવા કેવા છે ?

**પ્રશ્ન 2. માંગ્યા પ્રમાણે કરો.**

1. આ પત્રમાં વ્યક્ત થતાં જીવનમૂલ્યો સવિસ્તર સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 3. પાઠને આધારે નીચે આપેલા ઉદાહરણ મુજબના વિરુદ્ધાર્થી શબ્દોનાં જોડકાં બનાવો :**

જેમ કે - મિત્રxશત્રુ ....

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની જોડણી લખીને યાદ રાખો :**

શ્રદ્ધા, સજ્જન, સ્મિત, દર્શન, પ્રતિષ્ઠા, વિશ્વાસ, મીઠાશ

**આટલું કરો**

1. તમારો કે.જી. અથવા પહેલા ધોરણના પહેલા દિવસનો અનુભવ પત્ર રૂપે લખો.

•